સુવિચાર
તમારામાં ગમે તેટલી યોગ્યતા કેમ ના હોય, માત્ર એકાગ્રચિત થઈને જ તમે મહાન કાર્ય કરી શકો છો.

આપ વાંચી રહ્યા છો દેશનું સૌથી વિશ્વસનીય અને સૌથી ઝડપી વિકસતું અખબાર

# દિવ્ય ભાસ્કર

નો નેગેટિવ ન્યૂઝ દિવ્ય ભાસ્કર દર સોમવારે

કુલ પાનાં 16 + 4 + 4 (ધર્મદર્શન) = 24 ગુજરાત કિંમત ₹ 4.00, વર્ષ 15, અંક 151, મહાનગર

# જીવો નો નેગેટિવ લાઈફ અમદાવાદ, સોમવાર, 23 ઓક્ટોબર, 2017, કારતક સુદ-4, વિક્રમ સંવત 2074 divyabhaskar.com

**ઘોઘા-દહેજ ફેરી સર્વિસ શરૂ | મોદીએ કહ્યું - 'લંકાની લાડી, ઘોઘાનો વર' જેવી જાહોજલાલી પરત આવશે**

# સૌરાષ્ટ્ર-દ.ગુજરાત વચ્ચે... ભાજપ-પાટીદારો વચ્ચે... હવે અંતર ઘટશે!

દિવ્ય ભાસ્કર જીતો 15 કરોડ
36 કૂપન

## ન્યૂઝ બ્રીફ

### હવે ફ્લાઈટ લેટ થશે તો પ્રવાસીઓને વળતર મળશે

નવી દિલ્હી | હવે ઉડ્ડયન લેટ થશે અથવા રદ થશે તો વીમા કંપની પ્રવાસીઓને વળતર આપસે. ટાટા એઆઈજીએ ભારતીય હવાઈ યાત્રી સંઘના કાર્ડ પર વીમો રજૂ કર્યો છે. 25 ઓક્ટોબરે લોન્ચ થઈ રહેલા કાર્ડ સિલ્વર, ગોલ્ડ, પ્લેટિનમ રેન્જમાં હશે.

### રાણી મુખરજીના દિગ્દર્શક પિતા રામ મુખરજીનું નિધન



મુંબઈ | અભિનેત્રી રાણી મુખરજીના પિતા રામ મુખરજીનું રવિવારે નિધન થઈ ગયું. તે લાંબા સમયથી બીમાર હતા. રામ બંગાળી અને હિન્દી સિનેમાના જાણિતા દિગ્દર્શક, લેખક અને નિર્માતા પણ હતા.

### વોટરડ્રમથી હવાઈ નેટવર્કમાં

## પાટીદારોની જૂની માગ પૂરી કરી મોદીની ચૂંટણી પહેલાં મોટી ભેટ

### ■ સાગરમાલા પ્રોજેક્ટથી એક કરોડ નોકરી સર્જાશે

ભાસ્કર ન્યૂઝ | ભાવનગર

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સૌરાષ્ટ્રના ઘોઘાથી દક્ષિણ ગુજરાતના દહેજને જોડતી ફેરી સર્વિસ પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું લોકાર્પણ કર્યું હતું. આ સેવા શરૂ થતા ઘોઘા અને દહેજ માત્ર એક કલાકમાં પહોંચી શકાશે. રોડ દ્વારા આટલું અંતર કાપતા સાત કલાકનો સમય લાગે છે. વડાપ્રધાને 650 કરોડ રૂપિયાના ફેરી સર્વિસ પ્રોજેક્ટને પોતાનો ડ્રીમ પ્રોજેક્ટ ગણાવ્યો હતો. મોદીએ આ પ્રોજેક્ટમાં થયેલા વિલંબ માટે અગાઉની યુપીએ સરકારને જવાબદાર ગણાવી હતી.

પ્રથમ તબક્કાનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લોકાર્પણ કરતા કહ્યું હતું કે, 'જૂની કહેવત હતી કે "લંકાની લાડી અને ઘોઘાનો વર' જે ઘોઘાની જાહોજલાલીનું વર્ણન કરતી હતી, હવે પુન: ઘોઘાના સુવર્ણ દિવસો આવવાના છે. વડાપ્રધાને મહત્વાકાંક્ષી સાગરમાલા પ્રોજેક્ટથી ...અનુસંધાન પાનાં નં.7

## બંદરો માટે પી (પોર્ટ્સ) ફોર પી (પ્રોસ્પેરિટી) મંત્ર

### ફેરીથી 360 કિમીનું અંતર 31 કિમી થશે, 6 કલાક બચશે







ઘોઘા બંદરે મોદીએ સમુદ્રને પ્રણામ કરી ફેરી લોકાર્પણ કરી.

દક્ષિણ ગુજરાતના દહેજ અને સૌરાષ્ટ્રના ઘોઘા વચ્ચેનું અંતર રોડ દ્વારા 360 કિમી છે. રો રો ફેરી સર્વિસ દ્વારા સમુદ્રના રસ્તે આ અંતર ઘટીને 31 કિમી થઈ જશે. તેનાથી સાત કલાકનો પ્રવાસ હવે એક કલાકમાં કરી શકાશે. એક ફેરી પર 100 વાહનો અને 250 મુસાફરો પ્રવાસ કરી શકશે.

**પોલિટિકલ અર્થ**

ફેરી સર્વિસ માત્ર સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત જ નહીં પણ ભાજપ અને પાટીદારો વચ્ચેનું અંતર પણ ઘટાડશે. સુરતના હિરા ઉદ્યોગ પર મુખ્યત્વે સૌરાષ્ટ્રના પાટીદારોનું વર્ચસ્વ છે. પાટીદારોએ ભાજપ સરકારના અનેક કાર્યક્રમોમાં ઉગ્ર દેખાવો કરીને અવરોધ પેદા કર્યા હતા. પાટીદારોનું વર્ચસ્વ ધરાવતો સુરતનો કાપડ ઉદ્યોગ પણ જીએસટીના વિરોધમાં આગળ રહ્યો હતો. પાટીદારોનો ભાજપ પ્રત્યેનો અંસંતોષ ઘટાડવાનો પ્રયાસ તરીકે આ સેવાને જોવામાં આવે છે.

## દિવ્યાંગ સાથે ફેરી પછી વડોદરામાં રોડ-શો

**ભાસ્કર એનાલિસિસ**

### ડાયમંડમાં 900 કરોડ, કાપડમાં 350 કરોડ રૂપિયાનો બિઝનેસ વધશે

ફેરી સર્વિસ શરૂ થતા દરરોજ 10 હજાર લોકોના એક લાખ માનવ કલાકની બચત થશે. દરરોજ સરેરાશ પાંચ હજાર લોકો સૌરાષ્ટ્રથી દક્ષિણ ગુજરાત આવ-જા કરે છે. ફેરી સેવા શરૂ થતા તેમને મોટો ફાયદો મળશે. આ પ્રોજેક્ટના કારણે હીરા ઉદ્યોગ સુરતથી સૌરાષ્ટ્ર તરફ વળશે જ્યારે સૌરાષ્ટ્રના લોકો માટે રોજગારીની તકોમાં પણ વધારો થશે. અંદાજ પ્રમાણે ફેરી સેવાથી હીરા ઉદ્યોગને 900 કરોડ રૂપિયાનો જ્યારે કાપડ ઉદ્યોગને 350 કરોડ રૂપિયાનો ફાયદો થશે.

### ટેક્સટાઇલના જોબવર્ક સૌરાષ્ટ્ર ડાયવર્ટ થશે

ટેક્સટાઈલમાંથી જોબવર્ક માટે રોજ કરોડો રૂપિયાનો માલ સૌરાષ્ટ્ર તરફ જ જાય છે. જોબવર્ક થઈ ગયા બાદ ફરીથી સુરત આવે છે. સુરતથી સૌરાષ્ટ્ર જવા માટે 14થી 16 કલાકનો સમય નીકળી જાય છે અને આ માલ ત્યાં પહોંચાડવા માટેનો ખર્ચ પણ વધુ આવે છે એટલે વેપારીઓને આ ખર્ચ મોંઘો લાગે છે. હવે ફેરી સર્વિસ શરૂ થતાં જોબવર્ક સૌરાષ્ટ્ર તરફ વધુ ડાયવર્ટ થશે.

## ભાજપની 1 કરોડની ઓફર, 10 લાખ આપ્યા નરેન્દ્ર પટેલનો આરોપ

ભાસ્કર ન્યૂઝ | ગાંધીનગર

'પાસ'ના મહેસાણાના આગેવાન નરેન્દ્ર પટેલે રવિવારના રોજ એક પછી એક એમ બે પ્રેસ કોન્ફરન્સ કરીને હલચલ મચાવી છે. પ્રથમ કોન્ફરન્સમાં પટેલે ભાજપમાં જોડાવાની જાહેરાત કરી હતી. ત્યાર બાદ તરતજ નરેન્દ્ર પટેલે અમદાવાદ ખાતેની બીજી કોન્ફરન્સમાં વરુણ પટેલ તેમજ ભાજપના પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી પર આરોપ લગાવ્યો છે કે, ભાજપમાં ભળી જવા માટે તેમની પર દબાણ કરવામાં આવ્યું હતું અને તેમ કરવા માટે રૂ. 1 કરોડ આપવાની ઓફર કરાઈ હતી. જેના ભાગરૂપે રૂ. 10 લાખ રોકડા આપવામાં આવ્યા હતા. બાકીના રૂ. 90 લાખ સોમવારે મળવાના હતા. નરેન્દ્ર પટેલે પ્રેસ કોન્ફરન્સ કરતી વેળાએ રૂ. 10 લાખ રોકડા મીડિયા સમક્ષ રજૂ કર્યા હતા.

પટેલે કહ્યું કે, મારી પર કેસ ચલાવવાની ધમકી આપવામાં આવી હતી. વરુણ પટેલે રૂ. 1 કરોડ લઈને ભાજપ સાથે જોડાવાનું કહ્યું હતું. આ તમામ બાબતના પુરાવા છે અને વકીલની સલાહ લઈને આગળની કાર્યવાહી કરીશ. પટેલે કહ્યું કે, આ દસ લાખ રૂપિયા પોલીસ દમનમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારને આપશે.

■ વરુણ પટેલ, રેશમા પટેલ ભાજપમાં જોડાઈ ગયા, અલ્પેશ કોંગ્રેસમાં જોડાશે

■ કાચિંડાની જેમ રંગ બદલતા નેતાથી